જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૦૪/૧૯**

**વટવા પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનના બે આરોપીઓની પાસા અટકાયત કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોને વટવા પો.સ્ટે. ખાતે દાખલ થયેલ પ્રોહિબીશન સબંધી ગુનાઓમાં ૨(બે) આરોપીઓ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

⇨ અ.નં. (૧) શ્રી અમનખાન ઉર્ફે સાલ્જો સ/ઓ અસ્લમખાન જાતે-પઠાણ ઉવ.૨૨ રહે- પ્લોટ નં.૧૦૭૮, નવાપુરા દરબારનગર કસ્તુરીબેનનું ખેતર, વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુરનં.૫૦૬૪/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૬(બી). ૬૫(એ)(ઈ). ૧૧૬(બી). ૮૧ મુજબ તથા (૨) પ્રોહી ગુરનં.૫૧૨૧/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૫(બી). ૬૫(એ)(ઈ). ૧૧૬(બી). ૮૧ મુજબ તથા (૩) પ્રોહી ગુરનં.૫૧૮૦/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ - ૬૬(બી). ૬૫(એ)(ઈ). ૧૧૬(બી). ૯૮(૨). ૮૧ મુજબના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૯૫/૨૦૧૯ તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૫/૧૧/૨૦૧૯ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

⇨ અ.નં. (૨) શ્રી મોહમદઆરીફ સ/ઓ પેગમ્બરભાઈ દસ્તગીર જાતે-આતાર ઉવ.૨૮ રહે- સઈદાભાઈની ચાલી, સૈયદવાડી બસ સ્ટેન્ડ પાસે, સૈયદવાડી, વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુરનં.૫૫૨૨/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૬(બી). ૬૫(એ)(ઈ). ૮૧. ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦૦/૨૦૧૯ તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૬/૧૧/૨૦૧૯ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.




## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

**કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૯/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૪૫૨, ૩૨૩,૫૦૬(૨) મુજબના ગુનામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવારનવાર નાસતા–ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા <u>પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશન</u>નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ <u>સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા</u> નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા <u>*અ.હે.કો. મોહમદ અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.લો.ર.અનીરૂધ્ધસિંહ જાલુભા*</u> નાઓને મળેલ સયુક્ત બાતમીથી <u>કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૯/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૪૫૨, ૩૨૩,૫૦૬(૨)</u> મુજબના ગુનામા નાસતો ફરતો **આરોપી** <u>*અનસ અશરફભાઇ મેમણ ઉ.વ. ૧૯ રહે ગોલ્ડન વાળાનો બંગલો તનઝીમ ફ્લેટ ની સામે રસુલાબાદ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર*</u>નાને મીલ્લતનગર ગજુભાઇ ની ઓફીસ આગળથી તા ૨૫/૧૧/૨૦૧૯ ના કલાક ૨૧/30 વાગે પકડી પાડી કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરેલ છે.તા.૨૬/૧૧/૨૦૧૯



## સરખેજ પોલીસ સ્ટેશન :

### મીલ્કત સબંધી ગુન્હાનાં આરોપીની "પાસા" અટકાયત કરતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હામાં પકડાયેલ ઇસમ જાવેદ ઉર્ફે ભોપો સન/ઓ મુરાદખાન પઠાણ ઉવ-૨૦ રહે.મ.નં.૫ બાગે મહમદી સોસાયટી,અલ હરમ ફ્લેટની પાછળ,કાજી મસ્જીદ પાસે,ફતેવાડી કેનાલ પાસે,ફતેવાડી,વેજલપુર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી ક્માંક પીસીબી /ડીટેઇન /પાસા /૧૨૯૬/૨૦૧૯ તા.૨૬/૧૧/૨૦૧૯ થી "પાસા"અટકાયતમાં રાખવાનો હુકમ થયેલ હોય જેથી સદર ઇસમ નાને આજરોજ તા-૨૬/૧૧/૨૦૧૯ ના કલાક-૨૨/૫૦ વાગે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી "મધ્યસ્થ જેલ વડોદરા" ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશનના ગુનાના આરોપીબેનની
### પાસા અટકાયત કરવામાં આવી

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા સંયુકત પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી.એચ.એસ.ચાવડા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ દાણીલીમડા પો.સ્ટે પ્રોહી ગુરનં-૨૫૯/૧૯ તથા ગાયકવાડ હવેલી પો.સ્ટે પ્રોહી ગુરનં-૫૧૫૩/૧૯ ના ગુનામાં પકડાયેલ આરોપીબેન શકરીબેન રુપસીંગ ઠાકોર ઉવ.૭૦ ધંધો- ઘરકામ રહે- સોમનાથ ભુદરનો 'આરો જમાલપુર અમદાવાદ શહેરનાઓની વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવતા મે.પો. કમિ. શ્રી અ.વાદ શહેર નાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૨૯૮/૨૦૧૯ તા.૨૬/૧૧/૨૦૧૯ થી હુકમ થયેલ જે આરોપીબેન ને સર્વેલન્સ સ્કોર્ડના (૧) પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ તથા (૨) લોકરક્ષક રફીક યુનુસભાઇ તથા (૩) વુ.લોકરક્ષક અરૂણાબેન લાલજીભાઇ (૪) વુ.લોકરક્ષક સેજલબેન નાથાભાઇ નાઓએ બાતમી હકીકત આધારે ઉપરોક્ત પાસા અટકાયતીબેન્ને પકડી લાવી પો.સ્ટે રજુ કરતા ઉપરોકત પાસા અટકાયતીને પાસા હુકમની બજવણી પો.ઇન્સ શ્રી એચ.એસ.ચાવડા સાહેબ નાઓએ તા.૧૬/૧૧/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગ્યે બજવણી કરી જરુરી જાપ્તાના માણસો સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## ખાડીયા પોલીસ સ્ટેશન તથા સુરત રેલ્વે પોલીસ સ્ટેશનનો મોબાઇલ ફોન ચોરીના ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ સ્ટેશનની "SHE"ટીમ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી "SHE"ટીમ ને અસરકારક કામગીરી કરવાની સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા સાહેબની સાથે "SHE"ટીમ ના વુ.અ.હે.કો. શબાનાબેન રફીકહુસેન તથા વુ.લો.ર. વૈશાલી જેંનતીભાઇ તથા વુ.લો.ર.અસ્મીતાબેન મનજીભાઇ તથા વુ.લો.ર.શીતલ દેવજીભાઇ નાઓ "SHE"ટીમ ને લગતી કામગીરી માટે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા સ્કુલો તથા ટ્યુશન ક્લાસીસ તથા જ્યા મહીલાઓ વધુ પ્રમાણમા ભેગી થતી હોય તેવી જગ્યાઓએ પેટ્રોલીંગ ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા તા ૨૬/૧૧/૨૦૧૯ ના કલાક ૧૮/૩૦ વાગે ઘોડાસર બગીચા પાસે આવતા સાથેના "SHE"ટીમ ના વુ.લો.ર.વૈશાલી જેંનતીભાઇ તથા વુ.લો.ર.અસ્મીતાબેન મનજીભાઇ તથા વુ.લો.ર.શીતલ દેવજીભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આરોપીઓ (૧) જીવણભાઇ કનુભાઇ વઢીયારી ઉ.વ. ૧૯ ધંધો મજુરી રહે સરણીયાવાસ નારોલ ગામ અમદાવાદ શહેર તથા (૨) ગંગાબેન વા/ઓ કૈલાશભાઇ વેરશીભાઇ વઢીયારી ઉ.વ.૩૦, રહે સરણીયાવાસ નારોલ ગામ મુળ વતન સમખયારી તા.ગાંધીધામ જી.ભુજ હાલ રહે છારા દરવાજા પાસે ઝુપડ પટ્ટી મા સચીન સુરત શહેરનાઓને મોબાઇલ ફોન નંગ-૫ કુલ કિંમત રૂપિયા ૪૧,૦૦૦/-તથા રોકડા નાણા રૂપિયા ૩૩૨૦/- મળી કુલ રૂપિયા ૪૪,૩૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ જે આરોપીઓની પુછપરછ દરમ્યાનમા નીચે મુજબની માહીતી જણાવેલ

(૧)ઓપો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં.એ-૧૬૦૧ આઇ.એમ.ઇ.આઇ.નં.૮૬૩૦૮૪૦૩૮૯૪૧૭૧૨ તથા ૮૬૩૦૮૪૦૩૮૯૪૧૭૦૪ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-નો પચ્ચીસેક દિવસ પહેલા રાયપુર દરવાજા પાસેથી ચોરી કરેલ જે બાબતે ખાડીયા પોલીસ સ્ટેશનમા ફ.ગુ.ર.નં ૪૬/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે

(૨)એક રીયલમી-૨ મોબાઇલ ફોન મોડલ નં.આરએમએક્સ-૧૮૦૫ આઇ.એમ.ઇ.આઇ. નંબર-૮૬૩૯૧૦૦૪૨૧૯ ૦૪૭૬ તથા ૮૬૩૯૧૦૦૪૨૧૯૦૪૬૮ કિંમત રૂપિયા ૧૦૦૦૦/-નો એક મહીના પહેલા સુરત રેલ્વે સ્ટેશન ટ્રેનમા ચઢતી વખતે ભીડમા એક પેસેન્જરના ખિસ્સામાથી ચોરી કરેલ જે બાબતે સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા ફ.ગુ.ર.નં ૪૯૭/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે

(૩)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-વાય૩૧એલ આઇ.એમ.ઇ.આઇ.નં-૮૬૦૪૦૮૦૩૫૯૬૨૮ ૯૦ તથા ૮૬૦૪૦૮૦૩૫૯૬૮૨૮૨ કિંમત રૂપિયા ૫૦૦૦/-નો જેની જગ્યા હાલમા યાદ નહી હોવાનુ જણાવેલ

(૪)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-૧૬૧૦ આઇ.એમ.ઇ.આઇ.નં. ૮૬૩૯૧૪૦૩૮૮૪૩૧૩૦ તથા ૮૬૩૯૧૪૦૩૮૮૪૩૧૨૨ કિંમત રૂપિયા ૮૦૦૦/-નો બાર-તેર દિવસ પહેલા ડાકોર મંદિર પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ

(૫)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-૧૮૧૨ આઇ.એમ.ઇ.આઇ.નં.૮૬૬૦૪૫૦૪૪૯૩૭૦૩૩ તથા ૮૬૬૦૪૫૦૪૪૯૩૭૦૨૫ કિંમત રૂપિયા ૮૦૦૦/-નો અઠવાડી પહેલા સુરત રેલ્વે પ્લેટ ફોમ ઉપરથી એક ઇસમનો ચોરી કરેલ હોવાનુ જણાવે છે



**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## ગણનાપાત્ર ભારતીય બનાવટનો વિદેશીદારૂનો કેસ શોધી કાઢતી **શાહીબાગ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે સ્વામીનારાયણ ગુરૂકુળ આગળ જાહેર રોડ પર અસારવા શાહીબાગ ખાતેથી પોતાના કબ્જાની એક ઇસમ ઓટો રીક્ષા નંબર GJ-01-DT-5164 માં વગર પાસ પરમીટે PARTY SPECIAL PREMIUM WHISKY ના માર્કાવાળી કંપની શીલબંધ મળી આવેલ જે બોટલ ૭૫૦ મી.લી.ની જે એક બોટલની કી.રુ.૭૦૦/- લેખે ૩૬ નંગની કિંમત રૂ.૨૫,૨૦૦/- નો રાખી મળી આવતા તેના વિરુધ્ધમાં ધી પ્રોહી એક્ટ કલમ-૬૫(ઇ),૬૬(૧)(બી),૧૧૬(બી),૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીનું નામ :-** કરણ પ્રભુજી જાતે ચૌહાણ ઉ.વ. ૨૬ રહે- આદર્શ સોસાયટીના છાપરા હરીભાઇનું ડેલું પ્રભુનગર અસારવા શાહીબાગ અમદાવાદ

**મુદ્દામાલ :-** PARTY SPECIAL PREMIUM WHISKY ના માર્કાવાળી કંપની શીલબંધ મળી આવેલ જે બોટલ ૭૫૦ મી.લી.ની જે એક બોટલની કી.રુ.૭૦૦/- લેખે ૩૬ નંગની કિંમત રૂ.૨૫,૨૦૦/- તથા સદરી ઓટોરીક્ષા જોતા જેનો R.T.O નંબર GJ-01-DT-5164 નો જેની આશરે કિંમત રૂ. ૧૫,૦૦૦/- ગણી શકાય આમ કુલ્લે કિંમત રૂ.૪૦,૨૦૦/- મુદ્દામાલ સાથે મળી આવેલ છે.

**કામગીરી કરનાર અધિ./કર્મચારી:-** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.પો.કો. ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં ૪૬૧૮ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં ૪૯૬૭ તથા અનાર્મ લોકરક્ષક વિપુલકુમાર ગોવિંદભાઈ બ.નં.૧૫૩૬ તથા અ.લો.ર.બાદલ પંચાણભાઇ બ.નં.૧૩૭૧

**આરોપીનો ફોટો ;**



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.